

## (B - 37) વીરજીની વાણી છૂટી રે

(રાગ : મહેંદી તે વાવી માળવે)

વીર સભામાં આજ ગૌતમ પધાર્યા, અમૃત વરસ્યા મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.
વૈશાખ માસથી વાદળ ચડ્યાં, આજ આષાઢે વરસ્યો મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૧.

દેવ દુંદુભીનાદ ગગડિયા, ઈંદ્ર-ઈંદ્રાણી હરખાય રે;
વીરજીની વાણી છૂટી રે;
રત્ન અમોલખ ગણધરદેવશ્રી, શોભાવ્યા શાસન રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૨.

તરસ્યાં-ચાતક–દેવ-માનવ-તિર્યંચની, તત્ત્વપિપાસા છિપાય રે,
વીરજીની વાણી છૂટી રે;
સંસારતાપના દુઃખદાવાનળ, એકીક્ષણે બુઝાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૩.

દર્શન-જ્ઞાન ને ચારિત્ર કેરા, મોંઘેરા ફાલ્યા ફાલ રે,
વીરજીની વાણી છૂટી રે;
મોંઘો મારગ જ્યાં મુક્તિ તણો ત્યાં, જીવોનાં જૂથ ઉભરાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૪.

ધન્ય નગર, ધન્ય સમવસરણ, ધન્ય ધન્ય સભા-નરનાર રે,
વીરજીની વાણી છૂટી રે;
દિવ્યધ્વનિના વહ્યા પ્રવાહ, એ ધન્ય દિવસ ધન્ય રાત રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૫.

દિવ્યધ્વનિની થોડી-શી વાનગી, પરમાગમમાં જણાય રે;
વીરજીની વાણી છૂટી રે;
ધન્ય આચાર્ય, ધન્ય ઉપાધ્યાય, ધન્ય કૃપાળુ ગુરુરાજ રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં૦ ૬.

સાક્ષાત્ સુણવા એ દિવ્યધ્વનિને, મન મારું તલસાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં. ૭.